ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



શિવશંકર દવે
લેખક, નિવૃત્ત નાયબ સચિવ
મો. ૯૪૨૭૬ ૦૦૩૧૬



દેવયાનીબેન એસ પટેલ



નિકુંજ મિસ્ત્રી
મો. ૮૯૮૦૮ ૯૬૨૧૪



શ્રેયાંશ
નરેશભાઈ પરમાર
મો. ૭૮૦૧૯ ૨૬૫૩૦

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# સૅક્ટર-૧૩ એ ખાતે ૮મીએ લોક ડાયરો

ગાંધીનગર, તા. ૪

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા લોક ડાયરાના કાર્યક્રમનું આયોજન ૮મી ઑક્ટોબરના રોજ કરવામાં આવ્યું છે. આ અંગેની વિગતો આપતાં જિલ્લા રમતગમત અધિકારી વી બી દત્તા અને લોકગાયક રાજેન્દ્ર પી શ્રીમાળીએ જણાવ્યું છે કે ૮મી ઑક્ટોબર ને સોમવારે રાત્રે ૮.૩૦થી ૧૨ કલાક દરમિયાન નાગેશ્વર મહાદેવ ચોક, સૅક્ટર-૧૩ એ, ગાંધીનગર ખાતે આયોજિત આ લોક ડાયરાના કાર્યક્રમમાં રાજુભાઈ ગઢવી, નાગરભાઈ પ્રજાપતિ, મધુભાઈ વાળા, મયુરીબેન રાવત, જશુભાઈ શ્રીમાળી, રજનીકાંત મિસ્ત્રી, રાજુભાઈ બર્વે અને રમેશ રમકડું સાહિત્ય, ગીત, સંગીતની રમઝટ જમાવશે. કાર્યક્રમનું સંચાલન નરહરદાન ગઢવી દ્વારા કરવામાં આવશે. રસ ધરાવતા સૌ નગરજનોને આ લોક ડાયરાનો લાભ લેવા માટે આયોજક સંસ્થાઓ તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# 'આર્ષ' સંસ્થાન દ્વારા ૬ઠ્ઠીએ મનગંજન વિશે પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા. ૪

વિષમ સમાધાન જીવને નરકાગાર, લખચોરાશી અને જન્મમરણના ચકરાવાનો યાત્રી બનાવી તેને ભવરોગમાં ધકેલી દે છે. આ રોગમાંથી મુક્તિ એ પાંચ-પચ્ચીસ-પચાસ વર્ષનો મામલો નથી, એ તો અનંત જન્મોનાં બંધનની વાત છે.

જ્યારે સુખદ સમાધાન એના એ જ જીવને આધ્યાત્મિક માર્ગનો યાત્રી બનાવી ભગવાનના અખંડ અવિનાશી સુખનો ભોક્તા બનાવે છે. તાળું ખોલવા અને બંધ કરવા માટે ચાવી એક જ હોય છે. જમણી બાજુ ફેરવો તો ખુલી જાય, ડાબી બાજુ ફેરવો તો બંધ થાય. તેમ મન પણ એક જ છે - તે જીવને બંધનમાં પણ નાખી શકે અને મોક્ષ પણ તે જ મન કરી શકે. મનમાં ચાલતા સંગ્રામનું સાચું અને સચોટ સમાધાન આપણાં શાસ્ત્રો અને સત્પુરુષનાં વચનો આપે છે. આવા ગંભીર વિષય માટે આપણે આજે જ અને હમણાં જ વિચાર કરવો પડે કે આવા મોંઘા અમૂલ્ય મનુષ્યદેહે કરીને આપણે શું પામવું છે? ક્યાં પહોંચવું છે?

આ વિચાર પામવા અને તંદુરસ્ત નહીં પણ મનદુરસ્ત રહેવા માટે આર્ષ શોધ સંસ્થાન, અક્ષરધામ ગાંધીનગર દ્વારા આર્ષ પ્રવચનમાળા અંતર્ગત તા.૦૬/૧૦/૨૦૧૮નો શનિવારે સાંજે ૦૪-૩૦ થી ૦૭-૦૦ કલાક દરમ્યાન અક્ષરધામ હરિમંદિર ખાતે 'નિષ્કુળાનંદ કાવ્ય-૪, મનગંજન' વિષયનું આયોજન થયેલ છે. જેમાં બીએપીએસ. સ્વામિનારાયણ મંદિર, સારંગપુરના મહા વિદ્વાન અને મહામહોપાધ્યાય, દર્શનકેસરી, અભિનવભાષ્યકાર, સંત પૂ. ભદ્રેશદાસ સ્વામી લાભ આપશે.

આ પ્રવચનનો લાભ લેવા અક્ષરધામ તરફથી જાહેર જનતાને ભાવભીનું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# 'ઉત્તમ પર્યાવરણ માટે તેલ બચત' વિષયે નિબંધ - ચિત્રસ્પર્ધામાં જે બી સ્કૂલના વિદ્યાર્થીઓ રાષ્ટ્રકક્ષાએ પહોંચ્યા

ગાંધીનગર, તા. ૪

પેટ્રોલિયમ કન્ઝર્વેશન રિસર્ચ ઍસોસિએશનના ઉપક્રમે સોમવારે 'ઉત્તમ પર્યાવરણ માટે તેલ બચત' વિષયે નિબંધલેખન સ્પર્ધા અને ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના ૧૦૯ વિદ્યાર્થીઓ પૈકી પ્રિયાંશુ ભાવેશકુમાર પનારા અને તૃષ સંજયભાઈ પટેલે નિબંધ લેખનમાં અને મિહિર અશ્વિનકુમાર ચૌધરીએ ચિત્ર સ્પર્ધામાં વિજયપદ મેળવ્યું હતું. આ ત્રણેય વિદ્યાર્થીઓની પસંદગી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી હતી. આ ત્રણેય સફળ વિદ્યાર્થીઓ અને તેમના માર્ગદર્શન શિક્ષકોને સમગ્ર શાળા પરિવાર વતી આચાર્ય નીવાબેન પટેલે બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

# એસ. જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીઓએ વિંટેજ વિલાની મુલાકાત લીધી



એસ. જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલનાં ધોરણ-૭માં અભ્યાસ કરતાં ૩૦૦ વિદ્યાર્થીઓએ અમદાવાદમા આવેલ ઓટો વર્લ્ડ મ્યુઝીયમ (વીંટેઝ કાર)ની મુલાકાત લીધી હતી. અહીં બાળકોએ અલગ અલગ પ્રકારની કાર વિષે માહિતી પ્રાપ્ત કરી હતી.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ગાંધીજયંતીની ઉજવણી



ગાંધીનગર, તા. ૪

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે યુનિવર્સિટી દ્વારા વિવિધ પ્રસંગો ઉજવવામાં આવ્યા હતા.

સવારે પ્રભાતફેરીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રભાતફેરી યુનિવર્સિટીથી નીકળી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૧થી છ-૫ થઈ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પરત આવી હતી. જેમાં યુનિવર્સિટીના તમામ અધિકારીઓ,કર્મચારીઓ, વિદ્યાર્થીઓ જોડાયા હતા.

દીપ પ્રાગટ્ય બાદ સમારોહ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ ગાંધીજીની વિચારધારા અને મૂલ્યોની અભિવ્યક્તિ કરતાં ગીતો અને ભજનોની રજૂઆત યુનિવર્સિટીના માધ્યમિક શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. પ્રાસંગિક વક્તવ્યમાં યુનિવર્સિટીના આસી. પ્રૉફેસર ડૉ. ધર્માંશુભાઈ વૈદ્યે 'રાષ્ટ્ર અને સંસ્કૃતિ પર ગાંધીજીના નોંધપાત્ર પ્રભાવ'ની વાત કરી હતી. ગાંધીજીએ ભાષાના સરળીકરણ દ્વારા ઉદાત વિચારો વધુ લોકભોગ્ય બનાવવા પથદર્શન કરાવ્યું હતું, એમ તેમણે જણાવ્યું હતું.

અધ્યક્ષીય પ્રવચનમાં યુનિવર્સિટીના કુલપતિ પ્રૉ. ડૉ. એસ કે લિખિયાએ ગાંધીજીએ દર્શાવેલાં સામાજિક દૂષણોની વિગતો આપી હતી. તેમણે ગાંધીજીએ સૂચવેલા ૧૧ મહાવ્રતો વિશે પણ સમજ આપી હતી અને ગાંધીજીએ ચીંધેલા માર્ગે ચાલવા સૌને અનુરોધ કર્યો હતો. આજની યુવાપેઢી ગાંધીજીની વિચારધારાને અનુસરે, વાચન કરે તે માટે ગાંધી અધ્યયન કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઓનલાઈન ગાંધી ક્વિઝનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ મુખ્ય સંયોજિકા ડૉ. મીનલબા જાડેજા દ્વારા યોજવામાં આવ્યો હતો.

# શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ઓરલ હેલ્થ અવેરનેસ કાર્યક્રમ



શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સૅક્ટર-૨૫ ખાતે ત્રણ દિવસ માટે ઓરલ હેલ્થ અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. કૌશલ જોશી દ્વારા વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક ચૅક-અપ અને ઓરલ હેલ્થની જાણકારીની સેવા આપવામાં આવી હતી.

# શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલમાં ગ્રીન ડે અને ફ્રૂટ ડેની ઉજવણી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલમાં પર્યાવરણ સંરક્ષણ જાગૃતિના ઉદ્દેશથી ગ્રીન ડેની ઉજવણી કરવામાં આવી હતી. વૃક્ષો, પર્યાવરણને લગતાં સૂત્રો વિદ્યાર્થીઓ દ્વારા ઉચ્ચારવામાં આવ્યાં હતાં. ઉપરાંત બાળકોની તંદુરસ્તી સારી રહે અને દરેક બાળક ફળ ખાતું થાય તે હેતુસર ફ્રૂટ ડેનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બાળકો ઘરેથી ફળો લાવ્યાં હતાંત અને સ્કૂલમાં સાથે અલ્પાહાર કરીને આનંદ માણ્યો હતો. શિક્ષકો દ્વારા બાળકોને ફળો ખાવાથી થતા લાભો વિશે માહિતી આપવામાં આવી હતી.

## સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા ગાંધી જયંતિની ઉમદા ઉજવણી

# સ્કૂલ-કૉલેજનાં સેવક ભાઈ-બહેનોને સન્માનિત કરાયાં





ગાંધીનગર, તા. ૪

ગાંધી જયંતિ નિમિત્તે કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સર્વ નેતૃત્વ ટીમ દ્વારા 'વિશિષ્ટ વ્યક્તિઓનો સન્માન સમારોહ - ૨૦૧૮' યોજવામાં આવ્યો હતો, જે અંતર્ગત ગાંધીનગર તથા કડી ખાતે સ્થિત કેમ્પસમાં કાર્યરત તમામ સ્કૂલ-કૉલેજનાં સેવક ભાઈ-બહેનો અને ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટમાં પોતાની ફરજ બજાવતા કુલ ૪૭૫થી વધુ કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છતાનો સંદેશ આપતું અને કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત મનોરંજક નાટક 'સ્વચ્છતા એ જ સ્વસ્થતા' બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી ઑફ આર્ટ્સ અને ગાંધીનગર કલ્ચરલ ફૉરમ સંચાલિત સ્કૂલ ઑફ ઍક્ટિંગના તાલીમાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. ઉપરાંત પરમ બુચ, મમતા બુચ અને મનીષાબેન ત્રિપાઠી દ્વારા એકપાત્રિય અભિનયની પણ સુંદર રજૂઆત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ અને યોગાચાર્ય જે. સી. પટેલ, નાટ્યકાર-પત્રકાર કુંતલ નિમાવત, સર્વ નેતૃત્વ ગૃપના સંયોજક ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ, એન. એસ. એસ.ના ડો. રણછોડ રથવી, ફુડ-એન્ડ-ડ્રગ્સ-કન્ઝ્યુમમર વેલ્ફેર કમિટીના અનિલ મોરે, દિપક વ્યાસ અને ગુજરાત કાનુની સેવા સત્તા મંડળના અનિલ કક્કર ઉપસ્થિત રહ્યા હતા, જેમના હસ્તે તમામ સેવકભાઈ-બહેનને સન્માનિત કરવામાં આવ્યા હતા.


સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન તન્મય પટેલ, રાહુલ સુખડીયા, સુરજ મુંજાણી, પટેલ રવિ, રજત જોષી, મિત કોયાણી, ભાવના ચૌધરી, પ્રાચી ગોલ, કાજલ પટેલ, કૌશિક કલાલ, આરતી પટેલ, કાજલ પટેલ અને સર્વ નેતૃત્વ ગૃપના યુવા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

# મહાત્મા ગાંધીની નિકટ રહેલાં આઠ મહિલાઓ

॥ બીજો મણકો ॥

બન્ને વચ્ચેના સંબંધ વિશે ગાંધીજીની નજીકના લોકો પણ જાણતા હતા. એક જમાનામાં પોતાની આદત બની ચૂકેલાં સરલાદેવી સાથેનું અંતર પણ ગાંધીજીએ ઝડપથી વધારી નાખ્યું હતું. થોડા સમય પછી હિમાલયમાં એકાંતવાસ દરમ્યાન સરલાદેવીનું મૃત્યુ થયું હતું.

### સરોજિની નાયડુ (૧૮૭૯-૧૯૪૯)



સરોજિની નાયડુ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનાં પહેલાં મહિલા અધ્યક્ષ હતાં. ગાંધીજી અને સરોજિનીની પહેલી મુલાકાત લંડનમાં થઈ હતી. ગાંધીજીની ધરપકડ પછી મીઠાના સત્યાગ્રહની જવાબદારી સરોજિનીના ખભા પર હતી.

ગાંધીયાત્રા

લંડનમાંની મુલાકાતનું વર્ણન સરોજિનીએ આ શબ્દોમાં કર્યું છેઃ 'એક નાના કદનો પુરુષ, જેના માથા પર વાળ ન હતા. ધાબળો ઓઢીને જમીન પર બેઠેલો એ પુરુષ જૈતૂનના તેલમાં પકાવેલાં ટામેટાં ખાઈ રહ્યો હતો.' 'વિશ્વવિખ્યાત નેતાને આ સ્વરૂપમાં જોઈને હું ખુશીથી હસવા લાગી ત્યારે જ તેમણે મને આંખો ઊઠાવીને સવાલ કર્યો હતો કે તમે જરૂર મિસિસ નાયડુ હશો. આટલું શ્રદ્ધાહીન બીજું કોણ હોય? આવો, મારી સાથે ભોજન કરો.'

જવાબમાં સરોજિનીએ આભાર માનીને પૂછ્યું હતું કે કેટલી ફાલતુ રીત છે આ ? આ રીતે ગાંધીજી અને સરોજિની વચ્ચેના સંબંધની શરૂઆત થઈ હતી.

### રાજકુમારી અમૃત કૌર (૧૮૮૯-૧૯૬૪)



શાહી પરિવારના રાજકુમારી અમૃત કૌર પંજાબના કપૂરથલાના રાજા હરનામસિંહની પુત્રી હતાં. તેમણે ઈંગ્લેન્ડમાં અભ્યાસ કર્યો હતો.

રાજકુમારીની ગણતરી ગાંધીજીની સૌથી વધુ નજીક હોય તેવા સત્યાગ્રહીઓમાં કરવામાં આવે છે. તેના બદલામાં રાજકુમારીએ પણ કોઈ કસર છોડી ન હતી. ૧૯૩૪માં થયેલી પહેલી મુલાકાત બાદ રાજકુમારી અને ગાંધીજીએ એકમેકને સેંકડો પત્રો લખ્યા હતા.

પત્રની શરૂઆતમાં ગાંધીજી રાજકુમારી અમૃત કૌરને 'મારી પ્યારી પાગલ અને બળવાખોર' સંબોધન કરતા હતા અને પત્રના અંતે ખુદને 'તાનાશાહ' ગણાવતા હતા. મીઠાના સત્યાગ્રહ અને ૧૯૪૨ના ભારત છોડો આંદોલન વખતે તેઓ જેલમાં પણ ગયાં હતાં. આઝાદ ભારતનાં પહેલાં આરોગ્ય પ્રધાન બનવાની તક પણ તેમને મળી હતી.

### ડો. સુશીલા નૈયર (૧૯૪૧-૨૦૦૧)

મહાદેવભાઈ દેસાઈ બાદ ગાંધીજીના સચિવ બનેલા પ્યારેલાલ પંજાબી પરિવારના હતા અને સુશીલા પ્યારેલાલનાં બહેન હતાં.

માનો જોરદાર વિરોધ પણ ભાઈ-બહેનને ગાંધીજી પાસે જતાં અટકાવી શક્યો ન હતો.

જોકે, ગાંધીજી પાસે જઈને રડેલાં પ્યારેલાલનાં માતા સમય જતાં મહાત્માજીના ચુસ્ત સમર્થક બન્યાં હતાં.

તબીબી અભ્યાસ કર્યા બાદ સુશીલા ગાંધીજીનાં અંગત ડોક્ટર બન્યાં હતાં.

મનુબહેન અને આભાબહેન ઉપરાંત ગાંધીજી સુશીલાના ખભાનો સહારો પણ વૃદ્ધાવસ્થામાં લેતા હતા.

ભારત છોડો આંદોલન દરમ્યાન કસ્તૂરબા સાથે સુશીલાની ધરપકડ પણ મુંબઈમાં કરવામાં આવી હતી.

પૂનામાં કસ્તૂરબાના અંતિમ દિવસોમાં સુશીલા તેમની સાથે રહ્યાં હતાં. એ ઉપરાંત તેઓ ગાંધીજીના બ્રહ્મચર્યના પ્રયોગોમાં પણ સામેલ થયાં હતાં.

### આભાબહેન ગાંધી (૧૯૨૭-૧૯૯૫)

જન્મે બંગાળી આભાબહેનનાં લગ્ન ગાંધીજીના પૌત્ર કનુભાઈ સાથે થયાં હતાં.

ગાંધીજીના પ્રાર્થનાસભાઓમાં આભાબહેન ભજન ગાતાં હતાં અને કનુભાઈ ફોટોગ્રાફી કરતા હતા. ૧૯૪૦ના એ દૌરમાં કનુભાઈએ મહાત્માજીના ઘણા ફોટોગ્રાફ્સ ઝડપ્યા હતા.

આભાબહેન નોઆખલીમાં ગાંધીજીની સાથે રહ્યાં હતાં. એ સમયે આખા દેશમાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં હતાં અને ગાંધીજી હિંદુઓ અને મુસલમાનો વચ્ચે શાંતિ સ્થાપવાના પ્રયાસ કરતા હતા.

નાથુરામ ગોડસેએ ગાંધીજીને ગોળી મારી ત્યારે આભાબહેન પણ હાજર હતાં.

### મનુબહેન ગાંધી (૧૯૨૮-૧૯૬૯)

મનુબહેન બહુ નાની વયે ગાંધીજી સાથે જોડાઈ ગયાં હતાં. તેઓ મહાત્માજીના દૂરનાં સગાં હતાં. ગાંધીજી મનુબહેનને પોતાની પૌત્રી કહેતા હતા.

નોઆખલીમાં આભાબહેન ઉપરાંત મનુબહેન પણ ગાંધીજીના સાથે હતાં. તેઓ ગાંધીજીના વૃદ્ધ શરીરનો સહારો બન્યાં હતાં.

જે રસ્તાઓ પર ગાંધીજીના કેટલાક વિરોધીઓએ મળમૂત્ર ફેંક્યાં હતાં એ રસ્તાઓ સાફ કરવા માટે જેમણે ઝાડૂ ઉઠાવ્યાં હતાં તેમાં ગાંધીજી ઉપરાંત મનુબહેન અને આભાબહેન પણ હતાં.

કસ્તૂરબાની તેમના છેલ્લા દિવસોમાં સેવા કરનારા લોકોમાં મનુબહેનનું નામ મોખરે છે.

મહાત્મા ગાંધીના જીવનનાં છેલ્લાં કેટલાંક વર્ષો કેવી રીતે પસાર થયાં હતાં એ જાણવામાં મનુબહેને લખેલી ડાયરી ઘણી ઉપયોગી છે.

બીબીસીન્યૂઝ.કૉમ પરથી સાભાર